# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ જી કે જનરલ હોસ્પિટલ સામે ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૪/ 33 તારીખ: 2/3/24

રજી.એ.ડી. દ્વારા

પ્રતિ

જેંન્તીલાલ લીલાધર સોની

ગોપી કોમ્પ્લેક્ષ

માંડલીયા શેરી

માંડવી -કચ્છ

મોબાઇલ નંબર ૯૨૨૮૫૦૭૦૯૦

વિષય:- હાઇ વોલ્ટેજ ને કારણે નુક્સાની નો વળતર આપવા બાબત

સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી/૦૪/૦૦૧/૨૦૨૩-૨૪

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ.

બિડાણ-ઉપર મુજબ

કાર્યપાલક ઇજનેરશ્રી,

પીજીવીસીએલ,

વિભાગીય કચેરી, માંડવી

પાવર હાઉસ કમ્પાઉન્ડ

લાયજા રોડ -માંડવી

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગાહ્ક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિમયો. જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુક્મના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરી ને અચુક મોકલી આપવા વિનતી

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, માંડવી શહેર

# ગ્રાહકફરીયાદનિવારણફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજકંપનીલી.

પાવરહાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોનનંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email- forumbhuj.pgvcl@gebmail.com.

કેસી/સીજીઆરએફ/૨૦૨૪ તા. / /૨૦૨૪

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG004-001-2023-24

જેન્તીલાલ લીલાધર સોની
ગામ: માંડવી ,તા. માંડવી -કચ્છ...............અરજદાર.

વિરુધ્ધ

શ્રી જે. જે.ગોહેલ કાર્યપાલક ઈજનેરશ્રી,
પીજીવીસીએલ વિભાગીય કચેરી, માંડવી -કચ્છ...........સામાવાળા.

બાબત:- હાઇ વોલ્ટેજ ને કારણે નુક્સાની નો વળતર મળવા બાબત

અરજદારતરફે :- જેન્તીલાલ લીલાધર સોની (પોતે)

સામેવાળાનાતરફે :- (૧) શ્રી જે.જે. ગોહેલ (કાર્યપાલક ઈજનેર)પીજીવીસીએલ માંડવી વિભાગીય કચેરી

(૨) એસ.ડી જોષી (નાયબ ઇજનેર ટેક) પીજીવીસીએલ માંડવી વિભાગીય કચેરી

કોરમ:

(૧) એન.સી.મકવાણા - ચેરપર્સન
(૨) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર
સુનાવણી સ્થળ:-પીજીવીસીએલ વર્તુળકચેરી, ભુજ
તારીખ.: ૨૩/૦૨/૨૦૨૪

ફોરમ ... ગ્રાહક

# ઠરાવ

૧. અરજદાર ગામ માંડવી મધ્યે માંડલીયા શેરી પાસે આવેલ ગોપી કોમ્પલેક્ષમાં પીજીવીસીએલ ની માંડવી ટાઉન પેટા વિભાગીય કચેરીનું ગ્રાહક નંબર ૩૯૧૦૪/૦૦૪૬૦/૪નું થ્રી-ફેઝનું કોમર્શીયલનું વીજ જોડાણ ધરાવે છે.

૨. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર સદર દુકાનમાં લગાડવામાં આવેલ થ્રી-ફેઝ કનેક્શનમાં અવારનવાર હાઈવોલ્ટેજની સમસ્યા રહેતી હોવાથી તેઓએ માંડવી ટાઉન પેટા વિભાગીય કચેરીને મૌખિક જાણ કરેલ પરતું સમસ્યા દુર ન થતાં તા.૧૮/૦૯/૨૦૨૩ના રોજ પીજીવીસીએલ ની માંડવી ટાઉન પેટા વિભાગીય કચેરીએ હાઈ વોલ્ટેજની સમસ્યા કાયમી ધોરણે દુર કરવા માટે લેખિતમાં પણ જાણ કરવામાં આવેલ.

૩. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર પીજીવીસીએલ ની માંડવી ટાઉન પેટા વિભાગીય કચેરી દ્વારા સદર બાબતે કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નહતી. ત્યારબાદ, હાઈ વોલ્ટેજને કારણે તા.૨૫/૯/૨૦૨૩ના રોજ તેઓની દુકાનમાં રાખવામાં આવેલ મશીન સંપૂર્ણપણે બળી ગયેલ અને રૂ ૭,૬૪,૦૫૦/- નુ નુકસાન થયેલ અને તે બાબતેની જાણ માંડવી ટાઉન પેટા વિભાગીય કચેરીએ કરતાં પીજીવીસીએલ કંપનીના અધિકારી/કર્મચારી સ્થળ પર આવેલ અને જોઈને ચાલ્યા ગયેલ અને ત્યારબાદ તા.૨૮/૧૨/૨૦૨૩ના પત્રમાં માંડવી ટાઉન પેટા વિભાગીય કચેરી દ્વારા સદર વીજ જોડાણવાળી જગ્યા પર થ્રી ફેઝ વીજ જોડાણની પોલ પરથી આવતી મેઈન સર્વિસ લાઈનની સ્થિતિ બરાબર છે. પરંતુ સદર જગ્યાએ કોઈપણ જાતની MCB,RCCB કે ELCB જોવા મળેલ નથી જે લગાડવી ફરજીયાત છે વગેરે જણાવી વીજ કંપનીની કોઈપણ જવાબદારી બનતી નથી તેવો ઉડાઉ જવાબ આપેલ છે.

૪. અરજદારશ્રીના જણાવ્યાઅનુસાર તેઓ સદર થ્રી ફેઝ કનેક્શન લાંબા સમયથી ધરાવે છે વોલ્ટેજની સમસ્યા બાબતે માંડવી ટાઉન પેટા વિભાગીય કચેરીએ અવાર નવાર મૌખિક તેમજ લેખીત રજૂઆત કરેલ ત્યારે માંડવી ટાઉન પેટા વિભાગીય કચેરી દ્વારા થ્રી ફેઝ કનેક્શનમાં MCB,RCCB કે ELCB લગાડવી ફરજીયાત છે તેવું જણાવેલ ન હતું જે વીજ કંપનીની સેવામાં ખામી સ્પષ્ટ થાય છે.

૫. આમ, હાઈ વોલ્ટેજની સમસ્યા કારણે તેઓની દુકાનમાં રાખવામાં આવેલ મશીન સંપૂર્ણપણે બળી ગયેલ જેના કારણે થયેલ નુકશાનીની રકમ રૂ ૭૬૪૦૫૦/- મંજુર કરવા યોગ્ય ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

<u>બીજી તરફ પીજીવીસીએલની રજૂઆત નીચે મુજબ છે.</u>

૬. અરજદાર ગામ માંડવી મધ્યે પીજીવીસીએલ ની માંડવી ટાઉન પેટા વિભાગીય કચેરીનું ગ્રાહક નંબર ૩૯૧૦૪/૦૦૪૬૦/૪નું થ્રી-ફેઝનું કોમર્શીયલનું વીજ જોડાણ ધરાવે છે.

૭. હાઈ વોલ્ટેજને કારણે તેઓની દુકાનમાં થયેલ નુકશાન બાબતે તા.૦૨/૧૨/૨૦૨૩ના માંડવી ટાઉન પેટા વિભાગીય કચેરીને ફરિયાદ કરેલ હતી.

૮. સદર ગ્રાહકની ફરિયાદ અન્વયે માંડવી ટાઉન પેટા વિભાગીય કચેરીના જુનિયર ઈજનેર દ્વારા ગ્રાહકશ્રીની હાજરીમાં તેમનું વીજ પ્રસ્થાપન તપાસતા તેમના પોલ પરથી આવતી મેઈન સર્વિસ કેબલની સ્થિતિ બરાબર હતી તેમજ ક્લેમ્પ ઓન મીટર વડે સદર વીજ જોડાણના વોલ્ટેજ ચેક કરતાં તે પણ અનુક્રમે ૨૩૭,૨૩૯,અને ૨૩૮ ત્રણે ફેઝમાં હતા જે within permissible limit હતા.વધુમાં આ જગ્યા પર સલામતીના ભાગરૂપે કોઈપણ જાતની MCB,RCCB કે ELCB જોવા મળેલ ન હતી.વીજ અધિનિયમ મુજબ ૨ કિલોવોટ કે તેથી ઉપરના તમામ વીજ જોડાણમાં MCB કે ELCB લગાડવી ફરજીયાત છે ઉપરાંતમાં સદર વીજ પ્રસ્થાન પર સર્વિસ કેબલ પર કોઈપણ જાતના સપાર્કીંગના નિશાન માલુમ પડેલ નથી.

૯. આમ, ગ્રાહકશ્રીના પોલ પરથી આવતી મેઈન સર્વિસ કેબલની સ્થિતિ બરાબર હોઈ તેમજ ક્લીપ ઓન મીટર વડે સદર વીજ જોડાણના વોલ્ટેજ ચેક કરતાં તે પણ અનુક્રમે ૨૩૭,૨૩૯,અને ૨૩૮ ત્રણે ફેઝમાં હતા જે within permissible limit હતા પરંતુ સલામતીના ભાગરૂપે કોઈપણ જાતની MCB,RCCB કે ELCB લગાડેલ ન હોઈ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના વિભાગ ૯.૨ અનુસાર વિતરણ પરવાનેદાર ગ્રાહકને સતત વીજળી મળે તે સુનિશ્ચિત કરવા માટે જવાબદાર છે પરંતુ વીજ પુરવઠામાં અવરોધ અથવા વધઘટ ને કારણે થતું નુકશાન કે સાધન સામગ્રીને થતાં નુકશાન બાબતે વિતરણ પરવાનેદાર જવાબદાર નથી.

૧૦ તેમજ CEA SAFETY REGULATION -2010 વિનિમય -૪૨ મુજબ MCB,RCCB કે ELCB લગાડવી ફરજિયાત છે. જે આ વીજ પ્રસ્થાપન પર લાગેલ જોવા મળેલ નહિ તેથી જો આ પ્રસ્થાપન પર ELCB કે MCB લાગેલ હોતતો સદર અકસ્માત નિવારી શકાયેલ હોત.સદર અકસ્માત ફરિયાદીશ્રી ના વીજ પ્રસ્થાપન પરની આંતરિક વાયરીંગ ખામી સર્જાતા થયેલ છે તેવુ ફલિત થાય છે.

## ફોરમ નુ તારણ

૧૧ બન્ને પક્ષકારો ની રજુઆત જોતા સદરહુ ફરિયાદ ફરિયાદી ના વીજ પ્રક્ષથાપન ના સ્થળે હાઇ વોલ્ટેજ આવતા થયેલ નુક્સાની સામે વળતર બાબતની છે. જ્યારે પીજીવીસીએલ તરફથી સદરહુ જગ્યા એ ક્લીપ ઓન મીટર થી વોલ્ટેજ ચેક કરતા વોલ્ટેજ અનુક્રમે ૨૩૭,૨૩૮ અને ૨૩૯ (within permissible limit) આવેલ છે.અને મૈઇન સર્વીસ ની સ્થીતી બરાબર હતી

૧૨ CEA SAFETY REGULATION -2010 ના વિનિમય -૪૨ મુજબ MCB,RCCB કે ELCB ગ્રાહકે લગાડવી ફરજિયાત છે. અને ગુજરાત વિધુત નિયત્રક આયોગ નોટેફીકેશન ૦૪/૨૦૧૫ વિભાગ નંબર ૯.૨ મુજબ " વિજ પરવાનેદાર ગ્રાહક્ને સતત વીજળી મળે

તે સુનિશ્ચિવત કરવા વાજબી સાવચેતીઓ રાખશે આમ છતા કરાર થી વિપરીત બાબતને આધીન હોય તે સિવાય વિતરણ પરવાનેદાર , વીજ પુરવઠામાં અવરોધ /વધઘટ કારણે ગ્રાહકને થતુ કોઇ નુકશાંન કે ગ્રાહક્ના પ્લાન્ટ અને સાધન-સામગ્રીને થતા નુકસાન માટે જવાબદાર રહેશે નહી. આમ ઉપરોકત કેસમાં આ નિયમ લાગુ પાડી શકાય

૧૩. આજરોજ તારીખ ૨૩/૦૨/૨૦૨૪ ની ફોરમ ની કાર્યવાહી દરમિયાન પ્રતિવાદી પીજીવીસીએલ ને સૂચન કરવામાં આવે છે કે અરજદાર ની વોલ્ટેજ વધઘટ બાબત ની ફરિયાદનો હજુ ઉકેલ આવેલ નથી આથી પ્રથમ તબક્કે ફરિયાદી નુ વીજ જોડાણ જે પોલ ઉપરથી આપવામાં આવેલ છે તે પોલ ઉપર ના અન્ય જોડાણો નો પણ અભ્યાસ કરી ને ફરિયાદી ના વીજ પ્રસ્થાપન પર પીજીવીસીએલ ના કોઇ તાંત્રિક કારણોસર વોલ્ટેજ ની ફરિયાદ રહેતી હોય તો તેનુ સત્વરે નિરાકરણ કરવુ અને તે માટે જરુરી પગલા તુરત હાથ ધરવા.

૧૪. CEA safety Regulation - 2010 વિનિમય -૪૨ જે નીચે મુજબ છે.

"The supply of electricity to every electrical installation other than voltage not exceeding 250 V below 5 KW and those installations of voltage not exceeding 250V which do not attract provisions of section 54 of the Act Shall be controlled by an earth leakage protective device so as to disconnect the supply instantly on the occurrence of earth fault or leakage of current.

ઉપરોક્ત કેસમાં અરજદાર દ્વારા આવા કોઇ "earth leakage protective device' લાગેલ નથી. તદઉપરાંત GERC notification 04/2015 વિભાગ નંબર ૯.૨ મુજબ " વિતરણ પરવાનેદાર ગ્રાહકને સતત વીજળી મળે તે સુનિશ્ચિત કરવા માટે જવાબદાર છે પરંતુ વીજ પુરવઠામાં અવરોધ અથવા વધઘટ ને કારણે થતું નુકશાન કે સાધન સામગ્રીને થતાં નુકશાન બાબતે વિતરણ પરવાનેદાર જવાબદાર નથી. આમ ઉપરોકત બન્ને Regulation અને Notification મુજબ વીજ વોલ્ટેજની વધઘટથી અરજદાર ના વીજ ઉપકરણો ને થયેલ નુકસાની માટે પીજીવીસીએલ ને જવાબદાર ઠેરવી શકાય નહી "પીજીવીસીએલ દ્વારા આ કિસ્સામાં નુક્સાની નુ વળતર આપવા પાત્ર થતુ નથી"

## -: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

- ઉપરોક્ત અત્રે ની ફોરમ ના તારણ ક્રમ નંબર (૧૩ અને ૧૪) મુજબ હુકમ કરવામાં આવે છે.
- ફરિયાદી ની અરજી નામંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા. ૨૩ /૦૨ /૨૦૨૪ ના રોજ જાહેર કર્યો .

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ

નોંધ:
અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- 30માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં.૦૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું : જીલ્લા સેવા સદન -3ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -3૬0001, ફોન નં.૦૨૮૧-૨૯૯૪૧૨૫